ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં ટ્રાફીક અવેરનેસના અભાવે દરરોજ બે અકસ્માત સર્જાય છે

ગાંધીનગર, તા. ૨૦

પહોળા માર્ગો, નહીવત ટ્રાફીક અને વાહનોની ઓછી સંખ્યા હોવા છતાં ગાંધીનગરમાં સરેરાશ દરરોજ બે અકસ્માતો સર્જાય છે. આ અકસ્માતોમાં નાની-મોટી ઈજાઓ થવી અને વાહનોને નુકશાન પહોંચવુ સામાન્ય બની ગયું છે. ટ્રાફિક ન હોવા છતાં અને ઘણી બધી માળખાકીય સુવિધાઓ હોવા છતાં ગાંધીનગરમાં કેમ દરરોજ સરેરાશ બે અકસ્માતો સર્જાય છે તેના કારણોની તપાસ કરીએ તો સૌથી પહેલુ કારણ જાણવા મળે છે. ટ્રાફીક સેન્સ કે અવેરનેસનો અભાવ. ગાંધીનગરના વસાહતીઓ કદાચ ટ્રાફીક સેન્સની બાબતમાં સૌથી પછાત છે.

**સમયસર**

ગાંધીનગર એક વેલ પ્લાન્ડ શહેર છે. પહોળા માર્ગો તેની ખાસીયત છે. માર્ગોની આસપાસ ક્યાંય દબાણ જોવા મળતુ નથી. સમગ્ર શહેરને આવરી લેતા આડા અને ઉભા સાત માર્ગોની પહોળાઈ ખુબ છે. સામાન્ય દિવસોમાં આ માર્ગો પર એકદમ સામાન્ય ટ્રાફિક જોવા મળે છે. ટ્રાફીકજામના દશ્યો જોવા તો કદાચ વર્ષોની પ્રતિક્ષા કરવી પડે.

વાહનચાલકો માટે ખુબ જ અનુકુળ માર્ગો હોવા છતાં અહીં અકસ્માતો સર્જાય છે અને એ પણ દરરોજના બે ના હિસાબે એ પણ હકીકત છે. એના કારણોમાં એક સૌથી મોટુ કારણ છે ગાંધીનગરના વસાહતીઓને ટ્રાફિક એજ્યુકેશનની ક્યારેય જરૂર લાગી જ નથી. ટ્રાફિક જ ન હોય તો ટ્રાફિક શિક્ષણની શુ જરૂર તેવુ કદાચ આપણે માનતા હોઈશું... ટ્રાફિક પોલીસ કે આરટીઓ વિભાગે પણ ક્યારેય આ દિશામાં વિચાર્યું જ નહી હોય ને... શાળા-કોલેજોની સંખ્યા શહેરમાં સૌથી વધુ છે, પરંતુ ટ્રાફિક અવેરનેસના કાર્યક્રમો અહીં સૌથી ઓછા યોજાય છે. હાલમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી ચાલી રહી છે ત્યારે ટ્રાફિક અવેરનેસ અંગેના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, સાહિત્યનું વિતરણ થઈ રહ્યું છે, વાહનચાલકોને સમજણ આપવામાં આવી રહી છે, સારી વાત છે પરંતુ આ બધી જ વાતો માત્ર માર્ગ સલામતી સપ્તાહ સુધી સિમિત ન બનતા વર્ષ દરમ્યાન વારંવાર આવા કાર્યક્રમો યોજાતા અને વસાહતીઓ ખરેખર દિલથી તેમાં રસ લઈ ટ્રાફિકના નિયમો સમજી તેનુ પાલન કરતા થાય તો આવી ઉજવણીઓ ખરા અર્થમાં સાર્થક થશે.



દેશી લીલાચણા - શીયાળાના મોસમમાં શાકભાજી અને કઠોળની બોલબાલા હોય છે... તુવેરની શીંગો હોય કે લીલા ચણા હોય... બજારમાં લીલુછમ્મ વાતાવરણ સર્જાય છે... લીલાચણા આરોગ્યની દષ્ટિએ ઉપકારક છે... એટલું જ નહિ રોગપ્રતિકારક શક્તિમાં લીલાચણાની ભૂમિકા ખૂબ જ મહત્વની છે... શક્તિવર્ધક લીલાચણા શીયાળામાં સ્ફૂર્તિવર્ધક પણ બને છે... આજકાલ ગાંધીનગરના શાકભાજી બજારમાં લીલાચણા છવાયેલા છે... જો કે, આ લીલાચણાને શેકીને ખાવાનું પણ સ્વાદપ્રેમીઓ ચૂકતા નથી.... (તસવીર : કશ્યપ નિમાવત)

# સ્ટોર્મ વોટર લાઈન માટે હવે ટુંકમાં સર્વે હાથ ધરાશે

## માત્ર ૭ સેક્ટરોમાં જ વરસાદી પાણીના નિકાલની સુવિધા એજન્સી સર્વે કરી રીપોર્ટ તૈયાર કરશે

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનનું બાકી કામ પૂર્ણ કરવા ટુંકમાં સર્વે હાથ ધરાશે. અત્યાર સુધી શહેરમાં માત્ર ૭ સેક્ટરોમાં જ વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી છે. અન્ય વિસ્તારમાં આ કામ હાથ ધરવા અભ્યાસ માટે એજન્સીને જવાબદારી સોંપવામાં આવશે.

શહેરના વિવિધ સેક્ટરોમાં ચોમાસા દરમિયાન જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. વરસાદી પાણીના નિકાલની યોજના અન્વયે દાયકાઓ અન્વયે પણ પૂર્ણરૂપે કામગીરી થઈ શકી નથી. જ્યારે શહેરના સેક્ટરોને સ્ટોર્મ વોટર લાઈનની સુવિધા પુરી પાડવાની યોજના લાંબા સમયથી ટલ્લે ચઢી છે. સ્ટોર્મ વોટરલાઈન નાંકવાનું કામ શહેરના સે. ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૨૯ અને સે. ૩૦માં જ થઈ શક્યું છે. જ્યારે અન્ય સેક્ટરોમાં આ કામગીરી હાથ ધરવા માટે તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં કેબ-કલ્ચરનો પ્રારંભ

## ઓનલાઈન ટેક્સી બુક કરાવવાનું નગરજનોમાં ચલણ વધ્યું : નગરમાં અનેક કંપનીની કેબ ટેક્સીઓ ફરતી થઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં શહેરીજનો પાસે વર્ષો અગાઉ આછી પાતળી એક માત્ર ખખડધડ બસ સેવા જ હતી. ઘણા લાંબા સમયની માંગ બાદ શહેરીજનોને સેક્ટરોની અંદર અને આસપાસના વિસ્તારમાં અવર-જવર માટે વિટકોસ બસ સેવા શરૂ કરવામાં આવી હતી. જેનો નાગરિકો લાભ પણ લઈ રહ્યા છે, ત્યારે હવે મોટા મહાનગરોની જેમ ગાંધીનગરમાં પણ ચારેબાજુ એક અનોખી અને સેફ ટેક્સી સેવા શરૂ થઈ ગઈ છે. આ બસ અમારીની ખખડધજ સેવાઓ જ ઉપલબ્ધ હતી અને રહિશો ના છુટકે તેનો જલાભ લેતા હતા. સેક્ટરોની અંદર અને આસપાસના વિસ્તાર જવુ હોય તો ચાલતા અથવા સાઈકલ પર જ જવુ પડતુ હતુ. ધીમે ધીમે ગાંધીનગરમાં વસ્તી વધતી ગઈ અને તેની સાથે ગાંધીનગરનો વિકાસ પણ થવા લાગ્યો. જેમ જેમ વિકાસ વધતા નાગરીકોની સુવિધાઓની માંગ પણ ચોક્કસ પણે વધવા લાગી હતી. જે પૈકીની મહત્વની વાહનવ્યવહારની જરૂરિયાત અને શહેરમાં સીટી બસસેવાનો આરંભ કરવાની માંગ પછી લાંબા સમયે શહેરીજનોને વિટકોસ બસ સેવાની સેવાનો લાભ મળ્યો હતો. તો બીજી બાજુ તંત્રની રહેમ નજર હેઠળ નિતિનિયમો ભુલી રીક્ષાચાલકો મુસાફરો પાસેથી મનફાવે તેમ ભાડુ વસુલી રહ્યા છે. જેમાં માત્ર નાગરીક જ ચારે બાજુથી લુંટાઈ રહ્યો હોવાની ફરીયાદ પણ ઉઠવા પામી છે ત્યારે ગાંધીનગર શહેરમાં પણ હવે મોટા મહાનગરો-મેઘાસીટી જેવી વાહનવ્યવહારની સુવિધાઓ વિકસી છે. અને હાલ ગાંધીનગર શહેરમાં કેબ કલ્ચર દેખાઈ રહ્યું છે. શહેરમાં ઠેર ઠેર વિવિધ કંપનીઓ પોતાની ટેક્સી સેવાની શરૂઆત કરતા નાગરિકો પણ ખુશ જણાઈ રહ્યા છે. આ સેવા માટે માત્ર એક ફોન કોલ કરતા જ ટેક્સી સેવા તમારા ઘર સુધી તુરંત આવી જાય છે. બીજી બાજુ રાત્રી દરમિયાન કોઈ ઈમરજન્સી અથવા શિયાળો ચોમાસુ કે ઉનાળામાં ઠરતા-પલળતા કે ગરમીથી બચીને જવાનુ હોય તે સ્થળે સસ્તી સેવા મેળવી શકો છો. જ્યારે વૃદ્ધા કે બિમાર વ્યક્તિઓ પણ જરૂરીયાત મુજબ લાભ લઈ રહ્યા છે. ગાંધીનગરમાં આ કેબ કલ્ચર વધતા હાલ ઓલા કબ સૌનું આકર્ષણનું કેન્દ્ર બની છે.




સેવાનો સીધો લાભ નાગરીકો લઈ રહ્યા છે. એકંદરે સસ્તી સેવાનો લઈ નાગરીકોમાં પણ રીક્ષા કરતા ટેક્સીની સફરમાં અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

**ગુજરાતના શહેરોમાં પણ ટુંક જ સમયમાં ટેક્સીઓ દોડતી જોવા મળશે. રાજ્ય સરકારે આ અંગેની મંજૂરી આપી દીધી છે. જેનો પાઈલટ પ્રોજેક્ટ અમદાવાદમાં હાથ ધરાશે. જ્યારે ટેક્સી સર્વિસ રીક્ષાઓની માફક જ લોકોને એક સારો વિકલ્પ આપશે તેવુ મનાઈ રહ્યું છે.**

ગાંધીનગર એટલે કર્મચારીનગર તરીકે ઉભુ થયેલ નગર. જ્યાં આજે વર્ષો પહેલા નાગરીકો કે કર્મચારીઓ માટે માત્ર ને માત્ર એક સલામત સવારી

# જુના સેક્ટરોમાં દસ દિવસ પાણી પુરવઠો ઓછા પ્રેસરથી અપાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૧૪ થી ૩૦ના રહેણાંક/ઓફિસ તથા ઔદ્યોગિક વિસ્તારમાં પાણી પુરવઠાનું વિતરણ પાટનગર યોજના વિભાગ નં. ૩, ગાંધીનગરની કચેરી દ્વારા ચરેડી વોટર વર્કસ ખાતેથી કરવામાં આવે છે. આ ચરેડી વોટર વર્કસના હયાત ભૂગર્ભ સમ્પ તથા ટાંકીની સફાઈ કામગીરી તા. ૨૨-૧-૨૦૧૫ થી ૧૦ દિવસ સુધીમાં કરવામાં આવનાર હોઈ, આ દિવસો દરમ્યાન ઉપરોક્ત સેક્ટરોમાં આપવામાં આવતો પાણી પુરવઠો ઓછા પ્રેસરથી આપવામાં આવશે. સફાઈ કામગીરી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ પ્રેસરથી આપવામાં આવશે. ભૂગર્ભ સમ્પ તથા ટાંકીની સફાઈ કામગીરી કરવી અનિવાર્ય હોઈ જાહેર જનતાને સહકાર આપવા તથા નોંધ લેવા વિનંતી છે.

# સ્વર્ણિમ પાર્ક અને સે-૧ તળાવની ફૂડકોર્ટ તૈયાર

## સ્વર્ણિમ પાર્કની દુકાનો ભાડા પેટે ફાળવવા બે મહીના અગાઉ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ હતી : તળાવની દુકાનો પણ બંધ હાલતમાં

ગાંધીનગર, તા. ૨૦

સ્વર્ણિમ પાર્ક અને સે-૧ તળાવને અનુલક્ષી તૈયાર કરાયેલી ફૂડકોર્ટ હજી ધમધમતી થઈ નથી ફૂડકોર્ટ અન્વયે લાખોના ખર્ચે દુકાનો તૈયાર છે પરંતુ દુકાનો ભાડા પેટે ફાળવવાનું ટેન્ડર અટવાયું છે. બે મહીનાથી ટેન્ડર આખરી ન થતા મામલો અટવાયો છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેકટનું કામ પૂર્ણ થતા આગામી દિવસોમાં સહેલાણીઓ માટે આ હોટ ફેવરીટ પોઈન્ટ બનશે. સ્વર્ણિમ પાર્કમાં વિહરતા સહેલાણીઓને ફૂડકોર્ટની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે પાર્કની બંને સાઈડ ૧૦ જેટલી દુકાનો પણ બાંધવામાં આવી છે. જયારે આ દુકાનો ભાડા પેટે ફાળવવાનો નિર્ણય લેવાયા બાદ તંત્ર કક્ષાએથી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત સે-૧ના નવવિકસિત તળાવને અનુલક્ષીને પણ ફૂડકોર્ટ તૈયાર કરી દેવાઈ છે. આ દુકાનો પણ ખાણી-પીણીના સ્ટોલ તરીકે ઉપયોગમાં લેવાય તે માટે ભાડા પેટે ફાળવવાનો નિર્ણય લેવાયો હતો. આ બંને સાઈડ પર ફૂડકોર્ટ ધમધમતી થાય તે માટે દુકાનો ધમધમતી કરવા અગાઉ તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. સ્વર્ણિમ પાર્ક તેમજ સે-૧ની દુકાનો ભાડેથી ફાળવવા બે મહીના અગાઉ પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી પરંતુ બે મહીનાના અંતે પણ ટેન્ડર આખરી ન થતા ફૂડકોર્ટનું ઠેકાણું પડયું નથી તળાવ અને સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં આવતા સહેલાણીઓએ પણ હાલાકી ભોગવવી પડે છે.



પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી - અનેક મર્યાદાઓની વચ્ચે જીવનને જીવંત રાખવાની ક્ષમતા કેળવવી એ પડકારજનક છે... પરંતુ પરમતત્વએ જ્યાં પડકારો આપ્યા છે, ત્યાં જીલવા માટે શક્તિ પણ આપી છે... પિડીતો અને વંચિતો માટે વિકાસ અને કલ્યાણ જેવા શબ્દો હજુ માત્ર શબ્દો જ રહ્યા છે... ૨૪ કલાક પરિશ્રમ કરી પેટીયું રળતા શ્રમિકોની હાલત આજે પણ યથાવત છે... આ તસવીર કોઈ ગામડાની કે કોઈ કસ્બાની નથી, તસવીર ગાંધીનગર જેવા નવા નક્કોર નગરની છે... અહીં પણ ગરીબી હજુ પણ એની એ જ હાલતમાં કચરાની વચ્ચે કણસે છે... વિકાસની વાત કરવી એ એક વાત છે અને વિકાસના ફળ છેવાડાના માણસો સુધી પહોંચાડવા એ બીજી વાત છે... જોકે આ અસમંજસતા વર્ષોથી ચાલી છે અને વર્ષો સુધી ચાલશે એમ લાગે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરી ગામોની ગટરલાઈનના કામમાં છેલ્લા બે વર્ષથી ગાબડુ

## કોન્ટ્રાક્ટરો કામ અધુરૂ છોડી દીધા બાદ ઠેકાણું પડતુ નથી : ગ્રામજનોની હાલત કફોડી

ગાંધીનગર, તા. ૨૦

શહેરી વિસ્તારના ગામોમાં ગટરલાઈનનું કામ છેલ્લા ત્રણ વર્ષથી અધુરી હાલતમાં છે. કામ અધુરૂ છોડી દેનાર એજન્સીને બ્લેકલીસ્ટ કરવા પણ તંત્રકક્ષાએ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી, પરંતુ બાકી કામ પૂર્ણ કરવાની દરખાસ્ત અન્વયે વિભાગકક્ષાએથી પણ કોઈ નિર્ણય ન લેવાતા વિકાસની હરણફાળ ભરતા ગાંધીનગરને અડીને આવેલા ગામોમાં પાયાની સુવિધાઓ પણ ઉપલબ્ધ થઈ નથી.

શહેરી વિસ્તારના ગામોમાં ગટરલાઈન સુવિધાનુ કામ હાથ ધરવા વર્ષો પહેલા બે થી ત્રણ વખત સર્વે કરવામાં આવ્યો હતો જેના અંતે શહેરી વિસ્તારના ગામોમાં અંદાજિત રૂ. ૧૩ કરોડના ખર્ચે ગટરલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. ગામોની ટોપોગ્રાફીના લીધે ગટરલાઈન નાંખવાનું કામ થોડુ મુશ્કેલ બન્યું હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો હતો. આ દરમિયાન જવાબદાર એજન્સી કક્ષાએથી ગામડાઓમાં ગટરલાઈન નાંખવાનું કામ અધુરૂ છોડી દેવાયું હતું. જેના લીધે હાલમાં પણ ગ્રામ્ય વિસ્તારમાં ગટર સુવિધા ખાડે ગયેલી હાલતમાં છે. બીજી તરફ તંત્ર દ્વારા એજન્સીને બ્લેકલીસ્ટ કરવાની પ્રકીયા હાથ ધરવામાં આવી હતી પરંતુ આ સઘળી સ્થિતિ વચ્ચે શહેરી વિસ્તારમાં સમાવિસ્ટ ઈન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ, પાલજ, બાસણ સહીતના ગામોમાં હજુ પણ ગટરલાઈનની કામગીરીનું ઠેકાણુ પડતુ નથી. ગામડાઓમાં ગટરલાઈનનું અધુરૂ કામ પુરૂ કરવાનો મામલો ગુંચવાયો છે. જ્યારે આ અન્વયે તંત્ર કક્ષાએથી નવેસરથી દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરી છે પરંતુ ૧ વર્ષના અંતે પણ બાકી કામ પુરૂ કરવા તંત્ર હરકતમાં આવ્યુ નથી.

# માત્ર ૪ હજાર રૂપિયા માટે બુટલેગર પર ફાયરીંગ...?

## ઘાયલ બુટલેગર સ્ટેલીએ પોલીસને નિવેદન આપ્યું : આરોપીઓ પરિવાર સાથે ફરાર

ગાંધીનગર, તા. ૨૦

પેથાપુરમાં બુટલેગર પર લીસ્ટેડ જુગારીએ કરેલા ફાયરીંગ પ્રકરણમાં પેથાપુર પોલીસે ઘાયલ બુટલેગર સ્ટેલીનું નિવેદન લીધુ છે. સ્ટેલીના નિવેદન મુજબ તેણે ત્રણેક વર્ષ પહેલા જીતેન્દ્રસિંહ પાસેથી રૂ. ૪ હજાર ઉછીના લીધા હતા. આ રૂપિયાની લેતી-દેતીમાં બોલાચાલી થયા બાદ ફાયરીંગ થયું હતું. પેથાપુર પોલીસે નિવેદન નોંધીને આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. આરોપીઓ ઘરને તાળા મારીને પરીવાર સાથે ફરાર થઈ ગયા હોવાનું પોલીસ જણાવી રહી છે.




પેથાપુર ચોકડી પાસે બુટલેગર સ્ટેલી પર લીસ્ટેડ જુગારી જીતેન્દ્રસિંહના ફાયરીંગ પ્રકરણમાં પોલીસે આજે સ્ટેલીનું હોસ્પિટલમાં જઈને નિવેદન લીધુ છે. નિવેદનમાં સ્ટેલીએ લખાવ્યું છે કે તેમણે ત્રણેક વર્ષ પહેલા ફાયરીંગ કરનાર જીતેન્દ્રસિંહ પાસેથી ૪ હજાર રૂપિયા લીધા હતા. આ રૂપિયાની લેવડ-દેવડમાં બંને વચ્ચે રવિવારે બોલાચાલી થઈ હતી અને જીતેન્દ્રસિંહે ફાયરીંગ કરી નાંખ્યું હતું. પોલીસે નિવેદન નોંધી કાર્યવાહી આરંભી છે. પેથાપુર પોલીસે અન્ડરગ્રાઉન્ડ થઈ ગયેલા આરોપીઓને પકડવા તેમના ઘરે પણ ખાનગી વોચ મુકી છે, પરંતુ ઘરને તાળા મારીને પરિવાર સાથે બંને આરોપીઓ છુ થઈ ગયા હોવાનું સિનિ. પીએસઆઈ એસ.જે. વાઘેલાએ જણાવ્યું છે.

**મહેસૂલ વિભાગ**
**બ્લોક નં.૧૧, ૫મો માળ, સરદાર ભવન, ગાંધીનગર**
**જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૧૫-૧૬**
**કાયદા અધિકારી (વર્ગ-૧)ની કરાર આધારિત જગ્યાની ભરતી**

બ્લોક નં. ૧૧, ૫મો માળ, સરદાર ભવન, ગાંધીનગર જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૧૫-૧૬ કાયદા અધિકારીની જગ્યા કરાર આધારિત ધોરણે ભરવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | વય મર્યાદા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા અધિકારી | ૦૨ | ૩૫થી ૪૫ વર્ષ | ૨૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ | (૧) માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી (૨) વકીલાતની કામગીરીનો લઘુત્તમ ૧૦ વર્ષનો અનુભવ (૩) જમીન મહેસૂલના કાયદાના જાણકાર. |

**અન્ય વિગતો :**
(૧) જગ્યાની ફરજો તથા વ્યક્તિના અનુભવને ધ્યાને લેતા વય મર્યાદામાં છૂટછાટ આપી શકાશે.
(૨) ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા પરનું પ્રભુત્વ ઈચ્છનીય.
(૩) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં ઈહજ્ઞિહીહં હોવું ફરજીયાત.
(૪) અરજી પત્રકનો નમૂનો તથા કરારની શરતો અને બોલીઓ મહેસૂલ વિભાગની વેબસાઈટ http://revenudepartment.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.
(૫) અરજીપત્રક સાથે 'ઉપસચિવ' મહેસૂલ વિભાગ, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦/નો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.
(૬) સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજીપત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં 'નાયબ સચિવશ્રી (મહેકમ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નામે રજીસ્ટર પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

માહિતી/૨૨૨૪/૧૪-૧૫

**ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર**
An ISO 9001-2008 Certified Organization)
**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૫ / ૨૦૧૪-૧૫**

આથી અધિકૃત ઉત્પાદક, વિક્રેતા, સપ્લાયરો પાસેથી અત્રેની સંસ્થા ખાતે મટીરીયલ્સ ખરીદ કરવા માટે સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તા. ૨૧/૧/૧૫થી જાહેર રજા સહિત સવારના ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક દરમિયાન તા. ૨૭/૧/૧૫ સુધીમાં સંસ્થા ખાતેથી રૂબરૂમાં મળી શકશે. ટેન્ડર ફી રૂ. ૫૦૦/- તથા બાનાની રકમ રૂ. ૫૦૦૦/- છે. ભાવ ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૨૭/૧/૧૫ બપોરના ૧૫.૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે. ટેન્ડર અંગેની સઘળી માહિતી ટેન્ડર સાથે આપવામાં આવશે.

આચાર્ય
માહિતી/૨૨૨૩/૧૪-૧૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર

**જાહેર નિવિદા**

નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી, સેક્ટર નં.૧૮, ગાંધીનગરના ઉપયોગગ સારૂ વાર્ષિક જરૂરીયાત મુજબ એક વર્ષ - ૨૦૧૫ દરમિયાન સમયાંતરે સ્ટેશનરી ખરી કરવા માટેના ભાવો રસ ધરાવતી એજન્સીઓ પાસેથી એક વર્ષ સુધી મંજુર રાખવાની શરતે મંગાવવામાં આવે છે. સદર સ્ટેશનરીની વિગત તથા શરતો કચેરી સમય દરમિયાન મળી શકશે. આ ભાવ બંધ કવરમાં નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર નં.૧૮, ગાંધીનગરના નામ જોગ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭માં મોકલી આપવા વિનંતી છે. બંધ કવર ઉપર 'સ્ટેશનરીના ભાવ' એમ દર્શાવવાનું રહેશે.

તારીખ : ૧૯/૧/૧૫ — સહી/-
સ્થળ : ગાંધીનગર — સંયુક્ત નિયામક (PLM-5)
માહિતી/૨૨૧૯/૧૪-૧૫ — અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ०७૪૫૨, ૮૧૪०४ ६०७६७

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
YOUR OWN Resort
નિરવતાનો રવ...
week-end home
bansari Greens
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન — (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

SANGHI CEMENT — Kisan — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com